ડાયરેક્ટ ❤ સે

હે પ્રભુ!
બદલી શકાય
તેવી બાબતોને
બદલી નાખવાની હિંમત દે.
હું તે ન જ બદલી શકું
તેવી બાબતોને
સ્વીકારવા માટેની પ્રસન્નતા દે.
અને બે વચ્ચેનો તફાવત
સમજવા જેટલું
ડહાપણ દે.

જન્મદિને વધામણી

હર્ષા મેવાડા
લાયોનેસ ક્લબ
ઓફ ગાંધીનગર

રૂદ્રરાજસિંહ
પ્રદિપસિંહ વાઘેલા
મો. ૮૯૮૦૧ ૦૦૦૦૦

'ત્રિદલ' દ્વારા ગુજરાતી વિષયના તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાયા

અંગ્રેજી શિક્ષણનો વાયરો આજે ચારે કોર વાઈ રહ્યો છે ત્યારે ગાંધીનગરની ત્રિદલ સંસ્થા દ્વારા નવી પેઢીમાં માતૃભાષા ગુજરાતી પ્રત્યે રસ વધે તેવો એક સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. ત્રિદલ સંસ્થા દ્વારા ગાંધીનગરના ધોરણ ૧૦ અને ૧૨માં ગુજરાતી વિષયમાં ૮૦થી ૮૫% વધારે ગુણ મેળવી ને પાસ થયેલ વિદ્યાર્થી ઓ તેમજ ગુજરાતી વિષય શિક્ષકો નો સન્માનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય આયોજક ભાનુભાઈ પુરાણી તેમજ IAS વસંતભાઈ ગઢવી, ડૉ. વર્ષાબેન પારેખના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રેરણા વિદ્યાલય ખાતે ક્વેસ્ટ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે બાળકોનાં ચારિત્ર્ય ઘડતર માટે વિશેષ જાગૃતિ લાવવા અને બાળકોનાં સર્વાંગી વિકાસ માટે અસરકારક પગલાં લેવાના ભાગરૂપે લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા ક્વેસ્ટ સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શાળામાં લાયોનેસ ક્લબ, ગાંધીનગરના પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, ડિસ્ટ્રીક્ટ ઑફિસર નિમેષભાઈ રાવલ, એરિયા ચેરપર્સન ચંદાબેન યાદવ, કમિટી ચેરમેન નિકીતાબેન શાહ, ડિસ્ટ્રીક્ટ ઑફિસર નિમેષભાઈ રાવલે બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે અંગે વિશદ માહિતી આપી હતી.

ક્વેસ્ટ સેન્ટરના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને આ પ્રસંગે પુસ્તકો પણ ભેટ ધરવામાં આવ્યાં હતાં. આચાર્ય મનીષભાઈ ખત્રીએ લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતાં એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે સતત છઠ્ઠા વર્ષે લાયોનેસ ક્લબ સ્કૂલ સાથે ક્વેસ્ટ સેન્ટરના માધ્યમથી જોડાઈ રહી છે. તેમણે ક્વેસ્ટ સેન્ટરની કામગીરી પ્રત્યે સંતોષની લાગણી પણ વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક પારૂલબા રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ જી અંગ્રેજી પ્રાથમિક શાળામાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

એસ જી અંગ્રેજી પ્રાથમિક શાળામાં બાળકોએ ધોરણ-૫ અને ૬ના વિદ્યાર્થીઓ માટે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઘરેથી કંકુ, ફૂલ, હાર, ચોખા, મીઠાઈ તેમજ આરતીની થાળી વગેરે વસ્તુઓ લાવ્યા હતા. બાળકોએ પોતાના માત-પિતાની પુષ્પ આપી કુમકુમ તિલક કરી, હાર પહેરાવી આરતી ઉતારી હતી તેમજ માતા પિતાની પ્રદક્ષિણા કરી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ અને વાલીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

લીંબોદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીની જૂથ કક્ષાના યુવા ઉત્સવમાં જીત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જૂથ કક્ષાનો યુવા ઉત્સવ તાજેતરમાં પેથાપુર ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં શ્રી લીંબોદરા સેવા સમાજ, અમદાવાદ સંચાલિત શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થી વિરેન્દ્રસિંહ અસરસિંહ વાઘેલાએ લોકવાદ્ય (ઢોલકવાદન)માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો. આ વિજેતા ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય તેજસિંહ પરમારે સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શુક્રવારે શામળાજી વિસ્તારની ગોઢ, હિંમતપુર, દેવની મોરી, ઈશ્વરપુરા, જાભ વર્ગ, પંચમહુડી, રંગપુર અને છાત્રેશ્વરી શાળામાં રક્ષાબંધનની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત કુલ ૧૨૨૯ વિદ્યાર્થીઓએ એકબીજાને રક્ષાનું બંધન કર્યું હતું. જાભ વર્ગમાં ૧૫ અને છાત્રેશ્વરીમાં ૧૦૪ વિદ્યાર્થીઓને નવાં કપડાંનું વિતરણ પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. છાત્રેશ્વરીમાં તમામ વિદ્યાર્થીઓને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં ઊર્મિલાબેન અને માધવ માવલંકર, મિલિન્દભાઈ, બારોટજી અને ગામેતીભાઈ જોડાયા હતા.

સેક્ટર-૨ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સેક્ટરના તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાશે

ધોરણ-૧૦માં ૯૪ પર્સેન્ટાઈલ તથા ધોરણ-૧૨માં ૯૦ પર્સેન્ટાઈલ મેળવનાર સેક્ટર-૨ના વિદ્યાર્થીઓને માર્કશીટ મોકલવા અનુરોધ

ગાંધીનગર, તા. ૫

યુવક મંડળ સંચાલિત સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સેક્ટર-૨, ગાંધીનગર દ્વારા સેક્ટર-૨માં રહેતા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અખબારી યાદીમાં યુવક મંડળના પ્રમુખ વિક્રમ દેસાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે માત્ર સેક્ટર-૨માં રહેતા અને ચાલુ વર્ષે ધોરણ-૧૦, ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટ્સ)માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ અંતર્ગત સન્માનિત કરવામાં આવશે.

ધોરણ-૧૦માં ૯૪ પર્સેન્ટાઈલ તથા ધોરણ-૧૨માં ૯૦ પર્સેન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને કિશોર ક્લાસિસ, ગાંધીનગરના સૌજન્યથી પારિતોષિક શિલ્ડ ગણેશ મહોત્સવ દરમિયાન તા. ૩૧ ઑગષ્ટ ને ગુરુવારના રોજ એનાયત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માગતા અને આ વર્ષે ધોરણ-૧૨, ૧૦ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓએ પોતાની પ્રમાણિત કરેલી માર્કશીટની નકલ (સરનામું, મોબાઈલ નંબર તેમજ સ્કૂલનું નામ પાછળ લખીને) બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ અને સેક્ટર-૨ના વસાહતી હોવાના પુરાવા સાથે તા. ૧૬ ઑગષ્ટ સુધીમાં કિરીટસિંહ ડાભી, પ્લોટ નં. ૯૩૨/૧, સેક્ટર-૨ સી, ગણેશ ચોક, ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે. આ તારીખ પછી માર્કશીટની નકલ સ્વીકારવામાં આવશે નહીં. આ અંગેની વધુ વિગતો માટે વિક્રમ દેસાઈ (૯૫૩૭૪ ૮૯૬૮૫) અથવા અશોક પારકર (૯૯૭૯૮ ૮૨૪૨૪)નો સંપર્ક કરવા અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી દ્વારા બનાસકાંઠા ખાતે અનાજની કિટ્સ મોકલવામાં આવી

ગાંધીનગર, તા. ૫

પૂરના કારણે અસરગ્રસ્ત એવા બનાસકાંઠા વિસ્તારનાં ગામોને ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા તાજેતરમાં અનાજની કિટ્સરૂપે સહાય પૂરી પાડવામાં આવી હતી.

આ અંગેની વિગતો આપતાં મંત્રી હિતેષભાઈ રાવલે જણાવ્યું હતું કે બનાસકાંઠા વિસ્તારનાં ગામોમાં લોકોનાં ઘરોમાં પાણી ભરાઈ ગયાં હતાં અને તેમની ઘરવખરી તથા અનાજ પણ નાશ પામ્યું હતું. આ સંજોગોમાં તેમને સહાયભૂત થવા માટે ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ૧ કુટુંબના ૪ વ્યક્તિઓને ૭ દિવસ ચાલે તેટલા અનાજની ૧૦૦ જેટલી કિટ તૈયાર કરીને પહોંચાડવામાં આવી હતી. સાંતલપુર વિસ્તારના ગામ દેવગઢ અને રાણીસીંકા ખાતે આ કિટ્સ પહોંચાડવામાં આવી હતી અને ૧૦ કિટ્સ બલરામ ભવન, ગાંધીનગર ખાતે આરએસએસના સ્વયંસેવકોને પણ સુપ્રત કરવામાં આવી હતી.

એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ ચેસની રમતમાં ઝળકી

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજિત બહેનોની આંતરકૉલેજ ચેસ સ્પર્ધા શારીરિક શિક્ષણ વિભાગ, પાટણના યજમાન પદે આયોજિત કરવામાં આવી હતી. જેમાં એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે ટીવાયબીએમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રિયંકા એ વાઘેલાએ પ્રથમ સ્થાન, રચનાએ પાંચમું સ્થાન અને કૉલેજની ટીમે ફર્સ્ટ રનર-અપનું સ્થાન પ્રાપ્ત કરીને કૉલેજને ગૌરવ અપાવ્યું હતું. શારીરિક શિક્ષણ વિભાગના વ્યાખ્યાતા મધુબેન ઠાકોર, સ્પૉર્ટ્સ કમિટીના સભ્ય એચ આર પરમાર, કૉલેજ પરિવાર અને પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલ, એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓએ વિજેતા વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ઓપન ગુજરાત સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપમાં છત્રાલની એચ બી કાપડિયા હાઈસ્કૂલ ઝળકી

સેકન્ડ ઓપન ગુજરાત સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપ અંતર્ગત અન્ડર-૧૪ વિભાગની ભાઈઓની સ્પર્ધા અર્થ ટેક્વોન ડો ટ્રેનિંગ ફાઉન્ડેશન દ્વારા સનફ્લાવર ઈંગ્લિશ સ્કૂલ, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. આ ચેમ્પિયનશીપમાં ધી એચ બી કાપડિયા સ્કૂલ, છત્રાલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ધોરણ-૬ના વિદ્યાર્થી હર્ષિત એસ રાજપૂતે ગોલ્ડ મેડલ, ઉમંગ એ દેસાઈએ સિલ્વર મેડલ, પ્રદીપ વી યાદવે બ્રોન્ઝ મેડલ અને ધોરણ-૮ના વિદ્યાર્ખી ક્રિશ વી તિવારીએ સિલ્વર મેડલ, હરી એમ શેખાવતે બ્રોન્ઝ મેડલ અને અક્ષર વી પટેલે બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વાઈસ પ્રિન્સિપાલ શ્રીવિજય સુંદરના હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓને કોચ અજય જાડેજાએ તાલીમ પૂરી પાડી હતી. માર્ગદર્શન વ્યાયામ શિક્ષક નિલેશભાઈ પટેલ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૨૪ ઑલિમ્પિકસ રમતોત્સવની યજમાની કયું શહેર કરી રહ્યું છે?
(એ) પેરિસ
(બી) બિલમીયા
(૩) લંડન
(૪) ટોકિયો

(૨) ૨૦૧૭માં હૈદરાબાદમાં નિધન પામનાર મહાનુભાવ ડૉ. પુષ્પમિત્ર ભાર્ગવ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે?
(એ) સાહિત્ય
(બી) આરોગ્ય
(૩) વિજ્ઞાન
(૪) રાજનીતિ

(૩) ૨૦૧૭માં 'ફિક્કી' (FICCI) સંસ્થાના નવા સેક્રેટરી જનરલ પદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) સંજય કારુ
(બી) સંજય બારુ
(૩) સંજય મારૂ
(૪) સંજય રામુ

(૪) ભારતીય સેનાના જવાનોને સુવિધા આપવા માટે ભારતીય સેનાએ કઈ નવી મોબાઈલ ઍપ શરૂ કરી છે?
(એ) હમ સાથ
(બી) હમ સાથી
(૩) હમ જવાન
(૪) હમરાઝ

(૫) ઈસ્ટ બંગાળ ફૂટબૉલ ક્લબ દ્વારા કયા પૂર્વ હોકી ખેલાડીને ભારત ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો છે?
(એ) મેજર ધ્યાનચંદ
(બી) આર શ્રીજેશ
(૩) દ્વિરાજ પિલ્લે
(૪) સુભાષ ભૌમિક

(૬) અમેરિકી સેનેટ દ્વારા એફબીઆઈના નવા ડિરેક્ટર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) ક્રિસ્ટોફર રે
(બી) ક્રિસ્ટોફર ડેવિડ
(૩) ક્રિસ્ટોફર એલન
(૪) ક્રિસ્ટોફર કોન્ટા

(૭) ૨૦૧૭માં કર્ણાટકના કયા પૂર્વ મુખ્યમંત્રીનું તાજેતરમાં નિધન થયું છે?
(એ) ધરમરાજ
(બી) ધરમસિંહ
(૩) ધનરાજસિંહ
(૪) ધનવિજયસિંહ

(૮) ૨૦૧૭માં ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટના દરમાં કેટલા ટકાનો ઘટાડો કર્યો છે?
(એ) ૦.૨૫ ટકા
(બી) ૦.૩૦ ટકા
(૩) ૦.૫૦ ટકા
(૪) ૦.૬૦ ટકા

(૯) ૨૦૧૭માં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા રેપોરેટ કેટલા ટકા નોંધાયો છે?
(એ) ૬.૦ ટકા
(બી) ૬.૦૭ ટકા
(૩) ૬.૦૮ ટકા
(૪) ૬.૦૯ ટકા

(૧૦) ૨૦૧૭માં કયા ગુજરાતી ક્રિકેટ ખેલાડીને અર્જુન પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે?
(એ) ઈરફાન પઠાણ
(બી) પાર્થિવ પટેલ
(૩) ચેતેશ્વર પુજારા
(૪) મુનાફ પટેલ